તા. ૨૭.૦૪.૨૦૨૫

ગુજરાત સમાચાર, પાના નં. ૦૩

### આજથી સચિવાલય સુધી મેટ્રો ટ્રેન દોડશે

# સચિવાલયથી છેલ્લી મેટ્રો ટ્રેન દરરોજ સાંજે ૭:૩૧ના ઉપડશે

અમદાવાદ,શનિવાર

**અમદાવાદથી સચિવાલય સુધીની મેટ્રો ટ્રેનનો આવતીકાલથી પ્રારંભ થશે. સચિવાલયથી પ્રથમ મેટ્રો સવારે ૮:૩૨થી જ્યારે છેલ્લી મેટ્રો સાંજે ૭:૩૧થી ઉપડશે.**

## સરેરાશ ૩૪ થી ૩૮ મિનિટ વચ્ચે મેટ્રો મળશે : સચિવાલયથી મોટેરા પહોંચવામાં ૪૬ મિનિટ થશે

સચિવાલયથી દર ૩૪થી ૩૮ મિનિટે મેટ્રો ટ્રેન મળે રહેશે. આ સિવાય ગિફ્ટ સિટીથી પ્રથમ ટ્રેન સવારે ૭:૫૭ના-છેલ્લી ટ્રેન સાંજે ૬:૨૩ના, સેક્ટર-૧થી પ્રથમ ટ્રેન સવારે ૮:૪૦ના-છેલ્લી ટ્રેન સાંજે ૭:૩૯ના, ઈન્ફો સિટીથી પ્રથમ ટ્રેન સવારે ૮:૫૬ના-છેલ્લી ટ્રેન સાંજે ૭:૪૫ના, જીએનએલયુ-આઈએનએફસીથી પ્રથમ ટ્રેન સવારે ૮:૫૬ના છેલ્લી ટ્રેન સાંજે ૭:૫૫ના, જીએનએલયુ-પીડીઈયુથી પ્રથમ ટ્રેન સવારે ૮ જ્યારે છેલ્લી સાંજે ૬:૩૧ના ઉપડશે

આગામી સમયમાં મેટ્રો ટ્રેનનો સમય લંબાવવામાં આવે તેવી સંભાવના છે. સચિવાલયથી સવારે ૮:૩૨ના રવાના થયેલી મેટ્રો સવારે ૮:૪૦ના સેક્ટર-૧, ઈન્ફો સિટી સવારે ૮:૪૬ના, જીએનએલયુ-આઈએનએફસી સવારે ૮:૫૬ જ્યારે મોટેરા સવારે ૮:૫૯ના પહોંચશે.